| | |
|---|---|
| | દાખલ તારીખ: ૩૦.૦૫.૨૦૨૬<br>નોંધ્યા તારીખ : ૩૦.૦૫.૨૦૨૬<br>નિર્ણય તારીખ : ૦૬.૦૬.૨૦૨૬<br>મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૭ |

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૨૩૫/૨૦૨૬**
**આંક–**

**ગનીભાઈ નુરભાઈ સુમરા**
ઉ.વ.આ.૬૮, ધંધો: વેપાર તથા ખેતી
રહે. ગોવિંદપરા ગામ
તા. વેરાવળ જી. ગીર સોમનાથ. **......અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **.....સામાવાળા**

---

**અરજદાર તરફે વિ. વકિલ શ્રી એ.આઇ.સુમરા**
**શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા**

---

**:: બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૨ મુજબ જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર: ૧૧૧૮૬૦૦૪૨૬૦૨૬૪/૨૦૨૬ થી આઈ.પી.સી.ની કલમ:– ૪૦૬, ૪૨૦, ૪૦૯, ૪૬૮, ૪૭૧, ૧૪૪ મુજબનો ગુનો આરોપી વિરૂધ્ધ નોંધાયેલ હોય તેઓની ધરપકડ થવાની દહેશત હોય તેઓએ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૨ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારોની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા હાજર થયેલ છે અને તેઓએ ત. ક. અમલદારશ્રીનું સોગંદનામું રજુ કરેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ. વકિલ શ્રી એ.આઇ.સુમરાની દલીલ છે કે, મોડી ફરિયાદ છે. ગુનાનો સમયગાળો તા.૧૬.૧૦.૨૦૧૨ થી તા.૨૯.૦૫.૨૦૧૬ નો દર્શાવેલો છે. ગુનો તા.૨૦.૦૫.૨૦૨૬ ના રોજ નોંધાયેલ છે. મોડી ફરિયાદ આપવાનુ કોઈ કારણ બતાવેલુ નથી. પેરા ૭ થી ૯ મુજબ રૂા.૫૬,૬૦૪/– ની ઉચાપતનો આક્ષેપ છે. અમે તા.૧૯.૦૨.૨૦૧૬ થી બે મહીના સુધી રજા પર હતા જેનો ઠરાવ આ સાથે રજુ કરીએ છીએ. ડીસેમ્બર–૨૦૧૬ માં ફરીથી ચુંટણી થયેલી અને તેમાં અમારો વિજય થતા અમો ફરી વખત સરપંચ બનેલા. શબ્બીર હુશેન સુમરા ફરિયાદીએ અગાઉ પણ ઈરાદાપુર્વક અરજીઓ કરેલ છે. કોઇ પણ રીતે અમોને જેલમાં મોકલી દેવા માંગે છે. અમો રજા ઉપર ગયા પછી ફરી ચુંટાયા ત્યાં સુધી સરપંચનો ચાર્જ સંભાળેલ નથી. અમારો કોઈ રોલ નથી અને મનરેગા યોજનામાં જે કંઈ નાણાકીય ગેરરીતી થયેલ હોય તો તેમાં સરપંચ ઉપસરપંચનો કોઈ રોલ નથી. કામ થયા પછી ખરાઈ કરી મજુરોને મજુરી આપવાની હોય છે. જેણે કામ કરેલ તેણે પેમેન્ટ લીધેલ છે. તાજેતરમાં તાલુકા પંચાયતની ચુંટણીમાં થયેલ મનદુ:ખને કારણે હાલનો ગુનો દાખલ કરેલ છે. આરોપી ૭૦ વર્ષના છે. આબરૂદાર માણસ છે અને અમોને ખોટી રીતે જેલમાં બેસાડી અમારી ઈજ્જતને ધકકો પહોંચાડવા માટે આવી ખોટી ફરિયાદ કરેલ હોય અમો તપાસમાં સહકાર આપવા તૈયાર હોય અરજી મંજુર કરી આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે વિ.પી.પી.શ્રી કે.ડી.વાળાની દલીલ છે કે, તા.૧૭.૦૧.૨૦૧૨ થી તા.૧૬.૦૧.૨૦૧૭ સુધી અરજદાર સરપંચ હતા. તા.૧૦.૦૫.૨૦૧૬ અને ત્યારબાદના મસ્ટરોમાં તલાટીની સહી છે. સરપંચે કામ નકકી કરવાનુ હોય છે. હાજરીનુ વેરીફિકેશન કરવાનુ હોય છે અને ગ્રામ વિકાસ એજન્સીની અંડરમાં કામ કરવાનુ હોય છે. મસ્ટરના આધારે પેમેન્ટ કરવામાં આવે. આમ, હાલના અરજદાર સરપંચ હોવા છતાં સરકારી નાણા ઓળવી ગયેલ હોય અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બંને પક્ષકારોની દલીલ તથા ફરિયાદ હકીકત ધ્યાને લેતા ફરિયાદ હકીકત મુજબ નિયામક જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના પત્રને આધારે તાલુકા વિકાસ અધિકારીએ હાલની ફરિયાદ આપેલ છે અને તેમાં એવી હકીકત લખાયેલ છે કે, જોબકાર્ડ ધારક કે જે અવસાન પામેલ હોય વિદેશમાં વસવાટ કરતા હોય અને

અન્યત્ર નોકરી કરતા હોય કે આવક ધરાવતા હોય અને કામ ઉપર ગયેલ ન હોય તેવા લોકોના નામ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના અંતર્ગત હાજરીની ખોટી ઓળખ આપી ગુનાહિત કાવતરુ કરી ઉચાપત કરેલ છે અને જે લોકો અવસાન પામેલ અને જોબકાર્ડમાં નામ હતા તેની વિગત દર્શાવેલ છે. અનુક્રમ નં.૧૬ માં સુમરા અયુબ ઈસ્માઈલ સુમરા વેરાવળ એકસીસ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરે છે. કોલમ નં.૧૭ ગાજી રોજીના ઈસ્માઈલ કે જે પાકિસ્તાનમાં વસવાટ કરે છે તેઓના નામ જોબકાર્ડમા લખેલ છે. આ સીવાય અનેક વ્યકિતના ખોટા જોબકાર્ડ ઈસ્યુ કર્યા અંગે ઉપરોકત મુજબની હકીકત શબ્બીર યુસુફ સુમરાએ પોતાની અરજીમાં દર્શાવેલી અને મસ્ટરમાં ખોટી ઓળખ આપી તેવો આક્ષેપ છે અને ખોટી ઓળખ આપવાનુ અગાઉથી કાવતરૂ રચીને સરકારશ્રીને નાણાકીય નુકશાન કરેલુ. આથી ફોજદારી કાર્યવાહી કરવા નિયામક સાહેબ જીલ્લા ગ્રામ એજન્સીના તા.૦૮.૦૪.૨૦૨૬ ના પત્ર આધારે ફોજદારી કાર્યવાહી કરવા જણાવતા ફરિયાદ દાખલ કરેલ છે.

**(૬)** તપાસના કાગળો તથા ફરિયાદ હકીકત ધ્યાને લેતા શબ્બીર હુશેન સુમરાનાએ તા.૦૮.૦૪.૨૦૧૯ ના રોજ અરજી આધાર પુરાવા સાથે જુદી જુદી જગ્યાએ અરજી કરેલી તેના આધારે તપાસ હાથ ધરવામાં આવેલ અને તા.૦૮.૦૪.૨૦૨૬ ના રોજના નિયામક ગ્રામ વિકાસ એજન્સીના પત્ર અન્વયે હાલના કામે તેઓએ કરેલ તપાસના આધારે હાલના અરજદાર દોષિત જણાતા સાત વર્ષ પછી ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

**(૭)** અરજદારના વિ.વ.શ્રીનુ એવુ કથન છે કે, તેઓ સરપંચ તરીકે રજા ઉપર હતા જેનો ઠરાવ થયેલ અને ત્યારબાદ ફરી વખત ચુંટણી આવેલી તેમાં તેઓ વિજયી થયેલા. ત્યારબાદ તેઓએ ચાર્જ સંભાળેલ. તે અંગેનો ઠરાવ અરજદાર તરફે માર્ક ૬/૩ થી રજુ કરેલ છે જેના ઠરાવ નં.૫ મુજબ કૌટુંબિક કારણસર બહાર જવાનુ હોય આથી બે મહીનાનો ચાર્જ ગોવિંદપરા ગામના ઉપસરપંચને આપવાનુ ઠરાવવામાં આવે છે તે બે મહીના શબ્દ લખેલ છે તેમાં પણ ચેકચાક છે અને આ ઠરાવ તા.૧૯.૦૨.૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ છે. આ બે મહીના પુરા થયા બાદ તેઓ હાજર થયેલ નથી કે સરપંચ તરીકે ફરજ બજાવેલ નથી તે અંગેનો કોઈ આધાર અરજદારે રજુ કરેલો નથી. અરજદાર તરફે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી કાયદો–૨૦૦૫ સુધીની ૨૦૧૩ ની માર્ગદર્શીકા રજુ થયેલ છે તે મુજબ તેમાં સરપંચની કોઈ જવાબદારી નથી અને તાલુકા સ્તરે પ્રોગ્રામ ઓફિસર (પી.ઓ.) ની જવાબદારી છે અને સરપંચ ઉપસરપંચનો આમા કોઈ જ રોલ નથી જેથી તેઓને

જવાબદાર ઠરાવી શકાય નહી. ખોટી રીતે કાર્યવાહી કરેલ છે તેવુ અરજદારના વિ.વ.શ્રીની રજુઆત છે.

(૮) તા.૦૪.૦૪.૨૦૨૬ ના રોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ચેરમેન અને જીલ્લા વિકાસ અધિકારી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ગીર સોમનાથનાએ અધિક્ષક કમીશ્નર ગ્રામ વિકાસ કચેરી ગાંધીનગરને લખેલ પત્ર મુજબ અરજદારે તા.૦૮.૦૪.૨૦૧૯ અને તા.૧૫.૦૪.૨૦૧૯ ના રોજ જે અરજી કરેલ તે સંદર્ભે રીપોર્ટ કરેલ છે તેમાં કોણ કેટલા અંશે જવાબદાર થાય તે અંગેનો વિગતે રીપોર્ટ કરેલ છે. તે મુજબ મસ્ટરમાં સહીસીક્કા કરી બીલ એ.પી.ઓ. સમક્ષ રજુ થાય છે અને એ.પી.ઓ. બીલોના રેકર્ડ તપાસી એકાઉન્ટન્ટને આપે છે જેથી સ્થળ ઉપર મૃત્યુ પામેલ કે કમી ન કરેલ હોય કે બહારગામ રહેતા શ્રમિકોની ખોટી હાજરી જે તે મેટ/સરપંચ કે જી.આર.એસ. અથવા અમલીકરણ એજન્સીને હોય છે અને ગ્રામ્ય કક્ષાએ તલાટીમંત્રી, સરપંચશ્રી ગ્રામ્ય રોજગાર સેવકો ગામના નિમાયેલા મેટ દ્વારા માર્ગદર્શીકા દ્વારા સાચી ઓળખ ઇસ્યુ કરવામાં આવે છે કેમ તે જોવે છે. આમ, આ જે લોકો હાજર છે કે નથી તેની ખરાઇ કરવા માટે તેનુ મસ્ટર રાખવામાં આવે તેમાં સરપંચ કે તલાટીની સહી લેવામાં આવે છે. તપાસના કામે ગ્રામ વિકાસ એજન્સીના રીપોર્ટ સાથે જે મસ્ટર રજુ કરવામાં આવેલ છે તેમાં સરપંચ તરીકે અરજદારની મસ્ટરમાં સહી છે તે મસ્ટરની કોપી રજુ થયેલ છે અને જે આક્ષેપો કરવામાં આવેલા છે તે સમયગાળામાં તેઓએ મસ્ટરમાં સરપંચ તરીકે સહી કરેલી છે જેથી તેઓ સરપંચ તરીકે કાર્યરત ન હતા અને રજા ઉપર હતા તેવી રજુઆત સ્વીકારી શકાય તેમ નથી અને જો સરપંચનો કોઇ રોલ ન હોત તો તેણે આ મસ્ટરમાં સહી કરેલ ન હોત જેથી સરપંચશ્રીની સહીથી હાજરી સુનિશ્રીત થયેલ છે અને ત્યારબાદ જોબકાર્ડ ઇસ્યુ થયેલ છે અને ચુકવણી થયેલ છે તેમ માની શકાય તેમ છે અને તા.૧૯.૦૨.૨૦૧૬ થી બે મહીના રજા ઉપર હોય ડિસેમ્બર–૨૦૧૬ માં ચુંટણી આવતી હોય તો બે મહીના પછી તેઓ સરપંચ તરીકે હાજર થયેલ ન હોય તેવુ માની શકાય નહી અને સને–૨૦૧૭ માં ચુટણી થયેલી અને તેમાં તેઓ વિજયી થયેલ અને ફરી વખત સરપંચ તરીકે ચુંટણી થયેલ. આ સમયગાળા દરમ્યાન તેઓ બહારગામ હોય અને રજા ઉપર હોય તેવી જે રજુઆત છે તે સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે, પોતે ચુંટણીમાં ઉભા રહેવાના હોય ચુંટણીના થોડા મહીના પછી આવી ગયેલ હોય તે સ્વાભાવિક છે.

(૯) તેઓ ફરી વખત ચુંટાયા બાદ તેઓ વિરૂધ્ધ જે અરજી કરવામાં આવેલ તેના અનુસંધાને કોઇ પગલા લેવામાં આવેલ નથી અને (જીલ્લા ગ્રામ્ય વિકાસ એજન્સીના

નિયામકશ્રી) દ્ધારા પગલા લેવામાં આવેલ નથી તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે. કારણ કે, તા.૦૭.૦૮.૨૦૧૮ ના રોજ જીલ્લા વિકાસ એજન્સી દ્ધારા અરજદારની અરજી અન્વયે ગેરશિસ્ત અને નાણાકીય અનિયમીતતાના આધાર અને બોગસ જોબકાર્ડ કૌભાંડ અન્વયે છ કર્મચારીઓને ફરજમુકત કરવામાં આવેલ છે. પરંતુ હાલના અરજદાર પદાધિકારી વિરૂધ્ધ પગલા લેવામાં આવેલ નથી અને તા.૦૪.૦૪.૨૦૨૬ ના રોજ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી અધિક કમીશ્નરશ્રીને લખેલ પત્ર મુજબ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ અન્વયે હાલના અરજદાર વિરૂધ્ધ કોઇ કાર્યવાહી થઇ શકે તેમ નથી તેવુ દર્શાવેલ છે જેથી હાલના અરજદારની રાજકીય વગના કારણે જાગૃત નાગરિક કે જેમાહિતી અધિકારધારા હેઠળ માહિતી મેળવી મરણ ગયેલ વ્યકિતઓના મરણના દાખલા મેળવી અરજી કરેલ તે અરજી અન્વયે વર્ષો સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવુ જણાય છે અને દેશમાં ગ્રામ્ય કક્ષા સુધી જે ભ્રષ્ટાચાર વ્યાપેલ છે તેનુ હાલનો કેસ ઉદાહરણ હોય જો અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો સામાન્ય મજુર કે જેની પાસે જમવાના પણ પૈસા ન હોય કે રોજગાર ન હોય તેને રોજગારી નહી આપી ખોટા માણસોના નામે પૈસા ઉધારી સરકારી સહાયનો દુરઉપયોગ થાય તેમ હોય અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય અરજદારની આગોતરા જામીન પર મુકત થવાની અરજી મંજુર કરવા યોગ્ય જણાતુ ન હોય નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **નામંજૂર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬